SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-3, July to September: 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# રમેશ પારેખ : સર્જકની સર્જનપ્રક્રિયા

*ડૉ. ભીખાભાઇ ગો. સોલંકી*

***Abstract :***

***ગુજરાતી સાહિત્યના ફલક પર ગુજરાતી કવિતા અનેક કવિઓના સર્જકન પ્રક્રિયામાં કાવ્ય-તત્વની શિખરો સર કરી લીધી છે. એમાય વીસમી સદીનો પૂર્વાધ તો લબ્ધ પ્રતિષ્ઠત સાહિત્યકારોથી છલ્લો છલ્લ રહ્યો છે. લોકોના મન પર જબરો પ્રભાવ પાડી લોકપ્રિય થઈ સન્માન પામ્યા છે. એમાં શ્રી ઝવેરચંદ મેઘાણી, શ્રી ઉમાશંકર જોષી, હરિન્દ્ર દવે પછી આપણે રમેશ પારેખનું નામ આવશ્ય મૂકી શકીએ. આ સંદર્ભે લાભશંકર પુરોહિત સાચું જ કહ્યું છે, કે "આપણાં અર્વાચીન કવિઓમાં વ્યાપક જન સમુદાય પર્યન્ત નિકટનું કાવ્યાનુસંધાન પામનારા કવિઓમાં ન્હાનાલાલ અને મેઘાણી જેટલા લોકપ્રિય રહયાં. લોકોના માન સન્માનને પામતાં રહયાં, એવા માનપાન પામવાનું સારસ્વત ભાગ્ય આધુનિક કવિઓમાં રમેશ પારેખને સાંપડ્યું છે"***

***Keywords : રમેશ પારેખ, અમરેલી, રચના, 'મીરાં સામે પાર'***

- **<u>જન્મ</u>** : અમરેલીમાં ૨૯મી નવેમ્બર,ઇ.સ.૧૯૪૦ ના રોજ જન્મા હતા માતાનું નામ નર્મદાબહેન અને પિતાનું નામ મોહનલાલ ઝવેરભાઈ પારેખ હતું પિતા સ્વભાવે અને જન્મજીંત સંસ્કારે વહેપારી હતા. તેમની દુકાન અમરેલીમાં ટાવર રોડ પર આવેલી હતી. ઘરમાં કોઈ સાહિત્ય વાતાવરણ ન હતું.
- **<u>શિક્ષણ</u>** : પ્રાથમિક શાળાનો અભ્યાસ ગામમાં કર્યો પ્રાથમિક શાળાના અભ્યાસ દરમિયાન એમને ચિત્રો દોરવાનો ચસ્કો લાગેલો. હાઇસ્કૂલમાં ગયા પછી આ ચિત્રકામના શોખને વેગ મળ્યો એમણે ચિત્રકળા ની પૂનના પરીક્ષા બોર્ડ તરફની લેવાયેલી એલિમેન્તરી અને ઇન્તર મિડિયમની પરીક્ષાઓ પાસ કરી પરીક્ષમાં મેમરી ડ્રોઇંગ માટે બોર્ડનું પ્રથમ ઈનામ મેળવ્યું. ચિત્રકળાની સાથે સંગીતનો પણ શોખા હતો વર્ગ શિક્ષક વિધાર્થીઓને વર્ગમાં કવિતા ગવડાવતા આ કવિતાઓનું પઠન, ગાયન વિધાર્થી કાળથી મળ્યો હતો સાથે સાથે વાંચનનો એટલોજ શોખ હતો હાથમાં આવે તે પુસ્તક તેઓ વાંચી નાખતા હતા. તેમની માતાને વાંચન શોખ હતો. તે વાંચન શોખા રમેશા પારેખને વાચતો કર્યો. તેઓ અમરેલીની ગ્રંથાલયમાં તેઓ નિયમિત વાંચવા જવા લાગ્યા, ત્યાં આવતાં સામયિકોમાં કોઈસારું ચિત્ર આવ્યું હોય તો એ ચિત્રકળાનો શોખ પોષવા સામયિકમાંથી એ પાનું ફાડીને ઘરે લઇ જતાં. એકવાર તેમણે લક્ષ્મીજીનું ચિત્ર દોર્યું. આ ચિત્રને ઘરના સભ્યો કોઇ ઓળખી ન શકતા. તેને 'રાક્ષસ' કે 'બિલાડું' નામે ઓળખ્તા ઘટના પછી પણ તેમનું ચિત્રકામ અટક્યું નહી.

રમેશ પારેખના મોટાભાઇ કાંતિભાઈ ભાવનગરની શામળદાસ કોલેજમાં બે વર્ષના અભ્યાસકાળ દરમિયાન તેમના આગળના કલાસમાં હરિન્દ્ર દવે હતા. તેઓ કોલેજમાં મેગેઝિનમાં લેખો લખતા હતા. તે વખતે રમેશ પારેખની ઉમરદસ વર્ષ હતી. કાંતિભાઇને તો હાઇસ્કૂલમાં હતા ત્યારેથી જ હસ્તલિખિત અંકો તેયર કરવાનો શોખ. મોટાભાઈની સાહિત્યિક પ્રવૃતિનો પ્રભાવ રમેશ પારેખ પર ઊંડો પડ્યો છે. તે સિવાય મોટીબહેનના ખોળામાં સુતા-સુતા સાભળેલી હરિગતિ છંદની પંક્તિઓ લય છંદનું જ્ઞાન કવિના મનપર અસર કરી ગયું હતું. મણિકાન્ત કાવ્ય માલા નામની ચોપડીમાંથી છંદ કે લય શીખ્યાં હતા.

 *ડૉ. ભીખાભાઇ ગો. સોલંકી, આચાર્યશ્રી સૌરભ આર્ટસ કોલેજ –વિસણવેલ ગડુ, તા-માળીયા-હાટીના જિ.-જૂનાગઢ-૩૬૨૨૨૫, મો-૯૮૭૯૫૬૭૬૪૪*

વાંચનનો શોખ હોવાથી અમરેલીની અલગ-અલગ લાઇબ્રેરી હતી. તેમાં 'બાલમિત્ર','બાળજીવન','ગાંડીવ'વગેરે સામયિકો નિયમિત પણે વાંચતા. એજ અરસામાં ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત લેખક ઈશ્વર પેટલીકરની "તરણાઓથે ડુંગર" નવલકથા રમેશ પારેખના હાથમાં આવે છે. તેનાથી તેઓ ખુબજ પ્રભાવિત થયા અને તેમણે લખવાની ઇચ્છા અમલમાં મૂકી.

રમેશ પારેખને બાળપણથીજ ગાવાનો શોખ હતો. હાઇસ્કૂલમાં દાખલ થયા ત્યારે દોલત ભુવા,ભુપેન્દ્ર છગન ભેસાણીયા અને શશીકાંત ટોળીયા વગેરે સંગીતપ્રેમી મિત્રો મળ્યા. તેનાથી કવિતાની ઉત્સાહમાં વધારો થયો અને 'મોરલ મ્યુઝિકકલબ' નામે સંસ્થા શરૂ કરી.

ધોરણ દસમાની પરીક્ષામાં ઉતીર્ણ થયા. પછી તેઓ સારા ચિત્રકલાના ચિત્રકાર બની શક્ત યા તો કોલેજનું શિક્ષણ મેળવી અધ્યાપક બની શક્યા હોત, પરંતુ સંજોગવસાત કોલેજમાં જવાની ઉમરે કમાવા માટે નોકરીમાં જોડાઇ જવું પડે છે. અમરેલી જિલ્લાના ધારી ગામ પાસે બંધાયેલા ખોડિયાર ડેમ પર નોકરીમાં જોડાયા. આવન-જવાન કર્યા પછી કવોર્ટર મળતાં ત્યાં રહેવાનુ રાખ્યું. ત્યાર પછી કલાર્કની ભરતી આવતા ઇન્ટરવ્યૂમાં સફળતા મળતા વતન અમરેલીમાં માસિક રૂપિયા એકસોના પગારની નોકરી શરૂ કરી.

મિત્ર અનિલ જોષીના સંપર્ક ઇ.સ.૧૯૬૬-૬૭ ના ગાળામાં અમરેલીમાં આવે છે. અનિલ જોષીના પિતાશ્રી રમાનાથા જોષી રમેશા પારેખના બોસ એટલે અનિલ જોશીને મળવાનું વારંવાર બનતાં પછી તો બંને વચ્ચે મિત્રતાનો સબંધ બંધાયો અનિલને જોશીના પરિચય પછી રમેશ પારેખમાં આગવો વળાક આવે છે. તેમની કલમ વાર્તામાથી બહાર નઆવી હોત.

અનિલ જોષીની પહેલી મુલાકાત વખતે તેઓ એમનું કાવ્ય સંભળાવે છે. ને રમેશ પારેખ પોતાની વાર્તા સંભાળાવે છે. સાહિત્ય રસિક મિત્રની સંગતથી જ્ઞાન અને માહિતીનો ખજાનો પ્રાપ્ત થાય છે. અનિલ જોષી પાસેથી સાહિત્યિક અને સાહિત્યકાર વિષેની માહિતી પ્રાપ્ત થતી. જેથી તેમનો જિજ્ઞાસુ ખૂણો પૂરાતો. તેથી રમેશ પારેખ લખે છે"એ કાળે અમરેલીમાં સાહિત્યનું વાતાવરણ જ નહીં, જન્મ્યો, ભણ્યો, નોકરીએ રહ્યો. અને બહારની દુનિયમાથી હું સાવ અજ્ઞાત. કોઈ લાઈબ્રેરી નહીં કે કાવ્ય લખવાની મારી મથામણના કાળમાં કોઇ મારું પુસ્તક કે કાવ્યો વાંચવા મળ્યા નહીં તેનો વસવસો રહ્યાં છે.

અનિલ જોષીની મિત્રતાથી રમેશ પારેખની કાવ્ય સર્જન શક્તિ ખીલી ઊઠે છે. અનિલ જોષી સાથે કાવ્યો લખ્યાં તેને વાંચીને અનિલ જોષી ખુશ થતાં. અમદાવાદમા 'રે મઠ' નામની બેઠક મળતી જેમાં લાભશંકર ઠાકર,આદિલ મન્સૂરી,ચિનુ મોદી,રાવજી પટેલ,રાજેન્દ્ર શુક્લ અને અનિલ જોણી નિયમિત 'રે મઠ' ની બેઠકમાં હાજરી આપતા જેમાં કાવ્યો વંચાતાં. તેમાં રમેશ પારેખના નામ સાથે એક ગઝલ પ્રસિધ્ધ થાય છે.

પછી વોરા એન્ડ કંપની જે પુસ્તક પ્રકાશનવાળાએ સામે ચાલી રમેશ પારેખને પત્ર લખી તેમનો તેમનો કાવ્ય સંગ્રહ પ્રગટ કરવાની ઈચ્છા બતાવી. તેમનો કાવ્યો સંગ્રહનો ભાવક વર્ગ અને વાચક વર્ગ વખાણ કરતાં. ત્યાર પછી દિલ્હી મુકામે સાહિત્યની પરિષદ યોનીયો હતી. ત્યાં રમેશ પારેખ અને અનિલ જોષીએ હાજરી આપી. તે સમયે જેમાં સાહિત્યસર્જનનું વાંચન કર્યું હતું. તેવા વાર્તાકારો નવલકથાકારો વગેરેના સાહિત્યકારોનો મિલાપ થયો.

રમેશ પારેખનો 'ક્યાં' કવ્યસંગ્રહ પ્રગટ થયાં, પછી તેમની ખ્યાતિ ચારેય તરફ પ્રસરી ગયેલી. વારંવાર નિમંત્રણો મળવા લાગેલા ત્યાર પછી તેમનો બીજો કાવ્યસંગ્રહ 'ખડિંગ' પ્રગટ થાય છે. જે કાવ્યસંગ્રહને ભાવનગર યુનિવર્સિટી અનુસ્તાતકના અભ્યાસક્રમમાં સ્થાન પામે છે. ત્યાર પછી તેમનો ત્રીજો કાવ્યસંગ્રહ 'ત્વ' પ્રગટ થાય છે. પછીથી 'સનનન'નામે કાવ્યસંગ્રહ મળે છે.

રમેશ પારેખ ઇ.સ.૧૯૮૨ માં અમરેલી છોડી ગાધીનગરમાં જાય છે. ત્યાં તેઓ ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમમાં એક વર્ષ સુધી સેવા અપે છે. તેઓ નિગમના મુખપત્ર 'રચના' નું સંપાદન પણ સાંભળે છે. અમરેલી છોડયાનો વિયોગ સહન ન થતાં ફરીપાછા અમરેલી આવી જાય છે. પછી ગુજરાતી કવિતાક્ષેત્રે અલગ ભાત ઉપસાવતો કાવ્ય સંગ્રહ 'ખમ્મા આલા બાપુને' આપે છે. ત્યારબાદ 'મીરાં સામે પાર' કાવ્યસંગ્રહ ગુજરાતી કાવ્ય પ્રેમી જનતાને આપે છે. અઠયાવીસ વર્ષ સુધી નોકરી કાર્ય પછી તેઓ ઇ.સ.૧૯૮૮માં સરકારી વ્યવસ્યમાંથી સ્વૈચ્છિક નિવૃતિ લઇ કેવળ સાહિત્ય સર્જનમાં પ્રવૃત બન્યા.

તેમનો સાતમો કાવ્યસંગ્રહ 'વિતાન સુદ બીજ' પ્રસિધ્ધ થયો. તેઓને અનેક સાહિત્યિક સંસ્થાઓ દ્વારા વિવિધ એવોર્ડ થી સન્માનીત કરવામાં આવ્યા છે.

ગુજરાતી કવિતા ક્ષેત્રે રમેશ પારેખનું પ્રદાન અનન્ય છે. કવિતાની સાથે સાથે નાટક,નવલિકા બાળકાવ્ય બાળવાર્તાઑ અને સાહિત્યિક લેખો લખ્યાં છે. તેમણે 'અદિકવિ નરસિંહ મહેતા નિધિ' દ્વારા આપતા ગુજરાતી કવિતાના સોથી મોટા અને પ્રતિષ્ઠિત એવા 'નરસિંહ મહેતા એવોર્ડ'થી પોખવામાં આવ્યા છે.

છેલ્લે મિત્રોના અતિ આગ્રહને કારણે તેમજ જીવનના દોડધામની જીવનશેલીથી થાકી ગયેલ કૌટુંબિક કારણોસર રમેશ પારેખ રાજકોટ રહેવા આવે છે. મિત્રો સાથે કાવ્યપઠન વાંચન અને મિત્રોને મળવાથી તેઓ ખૂબ ખુશ થતાં. અનિલ જોષી એકવાર રાજકોટ તેમણે મળવા આવે છે. ત્યારે કહેતા ચાલને યાર અમરેલી જઇએ એમનો વતન પ્રેમ એમની કવિતામાં વારંવાર ડોકયુ કરી જાય છે. રમેશ પારેખ માટે એમ કહેવાય છે. કે સોરાષ્ટના સાવ સાચૂકલા કવિએ શબ્દો વાવીને કવિતા ઉગાડી છે. અને આંખના પાણી સીંચીને હદયરક્તથી એના રખોયાં કર્યા છે. ગુજરાતી સાહિત્યમાં તળપદા ગીતોથી લથપથ સંગ્રહો આપનાર રમેશ પારેખે ગુજરાતી કવિતાને પોતાની પાછળ ચાલતી કરી દીધી છે. તેથી ગુજરાતી સાહિત્યક્ષેત્રે ગોરવ ભર્યું સ્થાન મળ્યું હોવા છતાં આ લાગણીશીલ કવિએ કવિ હોવાનું અભિમાન કાયરેય દાખવ્યું નથી.

છેવટે ઇ.સ.૨૦૦૬માં ૧૭મી મેના રોજ હદયરોગના તીવ્ર હુમલાથી લાડકા કવિ આ દુનિયમાંથી વિદાય લે છે, ને ગુજરાતી કવિતાનું વિરલ નમણું આશ્ચર્ય શમી જાય છે. આમ રમેશ પારેખ નામનો એક કવિનદ કાળની ગતિમાં વિલીન થાય છે. તેથી આપણે એમના જ શબ્દોમાં કહીયે તો........

"બહાર ઊભા હોત તો તસ્વીરની ચર્ચા કરત,

આ અમે ઊભા છીયે તસ્વીરમાં. શું બોલીએ?"

**સંદર્ભગ્રંથ**

**૧ અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ લે.ડો.રમેશ એમ.ત્રિવેદી**

**૨ અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા**

**(આધુનિક અને અનુયાધુનિક પ્રવાહ) લે.ધીરુભાઈ ઠાકર**